સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

નિયમોની આસપાસ માયાવી જાળ ગૂંથી નાખી!
ધનિકો એ ધનથી બેન્કની આબરૂ ચૂંથી નાખી!
થૂંકી નાખી મૂલ્યો ને વચનોની અમૂલ્ય પ્રતિષ્ઠા
બેન્કના વિશ્વાસ પર પેટ્રોલ નાખી ભૂંજી નાખી

હાઈકુ

લૂંટાતી બેન્કો,
જોયા કરે રક્ષકો -
આંખો મીંચી ને

રક્ષણ માટે
હવે થશે કાયદા,
બેન્ક પીડિતા

ચિંતન

સત્યપ્રતિષ્ઠાયાં ક્રિયફલા શ્રયત્વમ્ ।

ઉપરોક્ત શ્લોક યોગસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે યોગીની સત્યમાં દૃઢ સ્થિતિ થઈ ગઈ હોય, તેની વાણીથી કદી અસત્ય બોલાતું નથી એટલે તેની વાણી અમોઘ (કદાપિ નિષ્ફળ ન જાય તેવી) બની જાય છે. તે જે કહે છે તે થાય છે. તેની વાણી દ્વારા જે ક્રિયા થાય છે, તેમાં ફળનો આશ્રય હોય છે એટલે કેકોઈ યજ્ઞ કરે તો યજ્ઞકાર્યમાં યજ્ઞનું ફળ સમાયેલું હોય છે. પણ યોગીની વાણીમાં જે કર્મ કોઈએ કર્યું જ ન હોય તે કર્મનું ફળ હોય છે. એટલે કે કર્મ કર્યા વિના પણ મનુષ્ય આવા સત્યપ્રતિષ્ઠ યોગીની વાણીથી મળતા આશીર્વાદ, વરદાન કે શાપ દ્વારા ફળ મેળવે છે.

જે ચારિત્ર્યવાન - સદાચારી - સજ્જન - ભક્તયોગી હોય અને કદાપિ જૂઠું કે કોઈને પણ દુઃખ થાય એવું બોલતા ન હોય કે લગભગ મૌન જ રહેતા હોય એની વાણી પવિત્ર અને 'સત્ય' ભાષી થઈ જાય છે માટે સંત-સજ્જન - યોગીની કૃપા મેળવવી.

સુવિચાર

- ઈતિહાસ એટલે દૃષ્ટાંતો દ્વારા શીખવાતી ફિલસૂફી - **જનકલ્યાણ**
- હું ઈશ્વરથી એટલો બધો ડરું છું કે બીજો કોઈ પણ ભય મને ડરાવી શકતો નથી - **જોન બ્રાઉન**
- માણસની પાસે બીજું કંઈ ગણાવવા જેવું ન હોય ત્યારે આપણે તેની ઉંમર ગણીએ છીએ - **સંત ઓગસ્ટિન**
- કરુણા એટલે દુઃખને વાળી કાઢનારું ઝાડું - **બર્નાડ શો**
- કર્મ માટીના લોંદા જેવું છે, માટીના લોંદામાંથી જેમ કુંભાર પોતાની ઈચ્છા પ્રમાણે ઘાટ ઉતારે છે તેમ માણસ પોતાના કર્મથી પોતાનો ઘાટ ઉતારે છે - **મહાભારત**
- કાગળ હોય તો વાંચી વંચાવીએ કરમને કેમ કરી વાંચીએ ?? - **મીરાંબાઈ**
- આજનું ઔષધ : જીવજંતુના ડંખ ઉપર તુલસીના પાનનો રસ સીંધવ મીઠું જોડે મિક્સ કરી ચોપડવાથી દુઃખાવો તરત ઓછો થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

કોઈકને કંઈક આપવા માટે અમીર હોવું જરૂરી નથી.

ધનકુબેર બીલ ગેટ્સને પત્રકારે પૂછ્યું, 'તમારાથી અધિક કોઈ બીજું ધનવાન છે ખરું ?' બીલ્ ગેટસે કહ્યું, 'આમ તો ઘણા બધાં છે પણ એમાંના એક ને હું જાણું છું.' પત્રકારે પૂછ્યું, 'કોણ છે એ ?'

બીલ ગેટસે કહ્યું, 'વર્ષો અગાઉ ન્યૂયોર્ક એરપોર્ટ પરના બુક સ્ટોરમાં ગયો મેં અખબાર લીધું, દસ ડોલરની નોટ આપી પણ એ યુવાન કેશિયર પાસે છૂટા પૈસા ન હતા, એટલે મેં અખબાર પાછી મુકી દીધું.' હું બહાર નીકળતો હતો ત્યાં એ યુવાન કેશિયર દોડતો આવ્યો અને મને છાપું આપી ગયો.' મેં કહ્યું, 'મારી પાસે છૂટા નથી.' છોકરાએ જવાબ આપ્યો, કંઈ વાંધો નહિ, છાપુ મારા તરફથી ભેટ.'

ગેટ્સ વાત આગળ કરતાં કહ્યું, 'એ દિવસોમાં હું પણ સ્ટ્રગલ હતો. આજની જેમ પૈસાદાર નહતો, ત્રણ મહિના પછી પણ એવું જ થયું મારે છાપું લેવું હતું અને છૂટાં પૈસા ન હતા. ત્યારે પણ પેલા યુવાન કેશિયર છાપુ મફતમાં આપી દીધું.'

'વીસ વર્ષે હું ખૂબ કમાયો. જયારે ન્યૂયોર્ક એરપોર્ટ પર જાઉં તો પેલા યુવાનની તપાસ કરું પણ એ મને મળે જ નહીં, મેં મારા ઑફિસનાં માણસોને આ યુવાન શોધી લાવવા કહ્યું, છ મહિને એ કેશિયરને મારી સમક્ષ રજૂ કર્યો. મેં એને પૂછ્યું, 'તું મને ઓળખે છે ?' એણે કહ્યું, 'હા, આપ, બિલ ગેટ્સ છો.'

મેં વર્ષે પહેલાની અખબારની વાત યાદ કરાવી અને કહ્યું, હું તે કરેલાં ઉપકારનું વળતર આપવા માંગુ છું. બોલ મારી કંપનીમાં તને કઈ કામગીરી પસંદ છે ? કાલથી જ જોડાઈ જા.' યુવાને ખુદારીભર્યો જવાબ વાળ્યો, 'સાહેબ તમે વળતર નહીં ચૂકવી શકો, તમને છાપુ આપ્યું ત્યારે હું ગરીબ હતો, અને આજે તમે ધનિક છો, તેથી આપો છો.' બીલ ગેટ્સે વાત પૂરી કરતાં કહ્યું, 'એ ખુદ્દાન યુવાન મને આજે પણ મારા કરતાં વધુ અમીર લાગે છે.'

પાકિસ્તાનના સર્જન માટે જવાબદાર કોણ ?

તંત્રીસ્થાનેથી...

આપણા આઝાદી જંગના ઘડવૈયાઓની સૌથી મોટી ભૂલ કઈ ? 'હિમાલયન બ્લન્ડર' - હિમાલય જેવડી ભૂલ કહેવામાં આવે છે તેવી ભૂલ ગાંધીજીની ધરાર અવગણના કરીને તત્કાલીન રાષ્ટ્રીય નેતાઓ કરી બેઠેલા, જેનાં માઠાં ફળ આપણે આઝાદીના સાત દાયકા પછી પણ ભોગવી રહ્યા છીએ. એ ભૂલ હતી દેશના વિભાજનની. બ્રિટીશ હકૂમત હેઠળનું ઇંડિયા ઊર્ફે હિંદુસ્તાન ત્રણ ટુકડાઓમાં કાપી એને 'પાકિસ્તાન' નામ અપાયું હતું. શું આ હિંદુસ્તાન છોડવા મજબૂર બનેલા બ્રિટીશ રાજનું પૂર્વ આયોજિત કાવતરું હતું ? હાલ જે ઈતિહાસ ભણાવાઈ રહ્યો છે એમાં એને અંગ્રેજોની ડિવાઈડ ઍન્ડ રુલ પૉલિસીની જ પરિણતિ માની લેવામાં આવી છે. પરંતુ આશ્ચર્ય એ વાતનું થાય કે જે પ્રજા બિસ્તરાં પોટલાં લઈને શાસક તરીકે વિદાય લઈ રહી હતી એને પોતાની ગેરહાજરીમાં હિંદુસ્તાનમાં આ જાતની કાયમી અશાંતિ સ્થાપિત કરવામાં શો રસ હોય ? ફારુક અબ્દુલ્લા કોઈ નાદાન નેતા નથી. તેઓ જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી તરીકે અને કેન્દ્રના કૅબિનેટ મંત્રી તરીકે જવાબદારી સંભાળી ચૂક્યા છે. પરંતુ એમણે છેલ્લે જે ઘટસ્ફોટ કર્યો છે તે સંશોધનનો વિષય બની શકે એમ છે. તેમણે મહંમદઅલી ઝીમાને દેશના ભાગલા માટે જવાબદાર ગણવામાં આપણે ઈતિસાહને અન્યાય કરીએ છીએ એવું વિધાન કર્યું છે. એ સાચું કે ઝીણાને કટ્ટર ઈસ્લામ સાથે સ્નાનસૂતકનો સંબંધ ન હતો. તેઓ નમાજ નહોતા પઢતા, દારૂ પીતા હતા અને અંગ્રેજની જેમ રહેતા હતા. એમણે લગ્ન પણ પારસી બાનુ સાથે કર્યાં હતાં. મુંબઈના એ અતિ નામાંકિત ધારાશાસ્ત્રી હતા અને દક્ષિણ આફ્રિકાના સફળ સત્યાગ્રહ પછી સ્વદેશ પાછા ફરેલા ઍમ કે ગાંધીના સ્વાગત સમારોહના તેઓ મુખ્ય સૂત્રધાર હતા. આમ પણ ગાંધીની જેમ તેઓ મૂળે તો કાઠિયાવાડી જ હતા. વળી એમના પૂર્વજોએ કરેલ ધર્માન્તરણને પણ માંડ એકાદ-બે પેઢીઓ જ વીતી હતી. ઝીણા ઈચ્છતા હતા કે અંગ્રેજો દેશ છોડતાં પૂર્વે એવું કમિશન રચતા જાય જે અન્વયે સંસદ અને વિધાનસભાઓમાં મુસ્લિમો તથા અન્ય લઘુમતીઓને એમની જનસંખ્યા મુજબનું ખાસ પ્રતિનિધિત્વ મળે. અંગ્રેજો આ માટે તૈયાર પણ હતા, પરંતુ આવી શરત કદાચ તત્કાલિન કોંગ્રેસની વરિષ્ઠ ત્રિપુટી - જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ અને મૌલાના આઝાદને માન્ય નહોતી. એમને અંગ્રેજો જલદી ટળે એવી ઉતાવળ હતે. ફારુક અબ્દુલ્લાના શબ્દોમાં કહીએ તો એમને સત્તા મેળવવાની ઉતાવળ હતી. એમણે સ્પષ્ટપણે ભાગલા માટે કોંગ્રેસની તત્કાલીન નેતાગીરી કે જેમાં સરદાર પટેલ પણ સામેલ હતા - એમને જવાબદાર ઠેરવીને પ્રસ્થાપિત ઈતિહાસ સામે આંગળી ચીંધી છે. એમની એ સમજણ સાથે સહમત થઈ શકાય કે ભાગલા ન પડ્યા હોત તો અખંડ હિંદુસ્તાનની તાસીર કંઈ જુદી જ હોત ! કાશ્મીર પ્રશ્ન પણ ન હોત. એ પણ સાચું છે કે ગાંધીજીએ તો દેશના ભાગલા પૂર્વે પોતાના દેહના ભાગલા સુધીની ધમકી ઉચ્ચારેલી. છેલ્લે છેલ્લે ગાંધીજીએ ઝીણાની વડાપ્રધાન પદની પણ ઑફર કરેલી અને પોતે એ માટે કોંગ્રેસી નેતાઓને મનાવી લેશે, એવી ખાતરી આપેલી. પરંતુ ત્યારે કદાચ ઘણું મોડું થઈ ગયું હતું. ઝીણાએ કોંગ્રેસને હિંદુઓની પાર્ટી ગણાવી 'ડાયરેક્ટ ઍક્શન'નો આદેશ આપતાં રમખાણો શરૂ થઈ ગયાં હતાં. જો કે મરતાં મરતાં કાયદેઆઝમ ઝીણાએ પણ પોતાનાથી થઈ ગયેલી ભૂલ બદલ પસ્તાવો કર્યો હોવાનું સુવિદિત છે.

કેળવણીએ બધી સમસ્યાઓનું કારણ અને નિરાકરણ છે

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'ના.... બિલકુલ નહિ.'
'તું મારી વાત તો....!'
'ના...ના....ના...'
'તને મારા પર ભરોસો નઈ કે ?'
'ભરોસો છે, પણ વાત એ નથી.'
'તો.... કઈ છે ?'
'ના... હું એવા કપડાં નહિ પહેરું.'
'તને મારા પર વિશ્વાસ નથી ?'
'તું નઈ આવે તો તને મારા સમ...'

ધન્વી એક સામાન્ય કુટુંબમાંથી આવતી છોકરી. ધ્વનીત પૈસાદાર બાપનો એકનો એક દીકરો. પાર્ટીની ઉજવણી માટે રાત્રે સાડા અગિયારે મળવાની વાત માટે બન્ને વચ્ચે રકઝક ચાલતી હતી. ધ્વનીતના મિત્રોએ એક ફાર્મ હાઉસ પર થર્ટીફસ્ટ સેલીબ્રેશન પાર્ટી રાખી હતી. શરૂઆતમાં આગ્રહ અને છેવટે હઠાગ્રહ.ધ્વનીતે જીદ પકડી હતી. પરંતુ ધન્વી વિચારોથી સ્પષ્ટ હતી. મક્કમ હતી. પરંતુ તેને એકમાત્ર ફ્રેન્ડશીપની ચિંતા હતી.

'આપણે દિવસે મળીએ તો ?' ધન્વીએ કહયું.

'તુ સમજતી કેમ નથી? ઉજવણી રાત્રે જ હોય.' ધ્વનીતે ખુલાસો કર્યો.

'શરીરના અંગો દેખાય તેવા કપડાં હું નહિ પહેરું અને અડધી રાતની કોઈ પાર્ટીમાં હું નહિ આવું.'ધન્વીએ સ્પષ્ટતા કરી.

ધ્વનીત તેનો બાળપણનો મિત્ર હતો. તેની ખૂબ કાળજી રાખતો હતો. વિશ્વાસ પણ હતો. પરંતુ ધન્વીના કૌટુંબિક સંસ્કારો કેટલીક બાબતો માટે આડે આવતાં હતા. ધન્વી ખૂબજ રૂપાળી અને આજના ફેશનયુગની આધુનિક યુવતી હતી. તેને ઉજવણીમાં રસ હતો પણ કેટલીક બાબતો માટે તેની ના હતી.

કોલેજમાં ધ્વનિત સાથે જવા-આવવાનું બનતુ. બન્ને વચ્ચે ગાઢ ફ્રેન્ડશીપ હતી. બન્ને એકબીજાના ઘરે પણ જતા આવતા હતા. તેમ છતાં ધન્વીએ ના પાડી દીધી હતી. આ બનાવ પછી કદાચ ફ્રેન્ડશીપ નહિ ટકે તે પણ નકકી હતું. કારણ ધ્વનીતના બધાજ ફ્રેન્ડઝ ત્યાં આવવાના હતા અને ધ્વનીતે પ્રોમીસ કર્યું હતું.

'ધન્વી પ્લીઝ,- મેં બધા મિત્રોને પ્રોમીસ કર્યું છે.'

'મેં મારા મમ્મી-પપ્પાને પ્રોમીસ કર્યું છે.' ધન્વીએ બ્રહ્માસ્ત્ર છોડયું. આ સાંભળીને ધ્વનીતે ગુસ્સામાં ગાડી પાછી વાળી લીધી. રાત આખી ધન્વીએ ટીવી પર કુટુંબ સાથે નવા વર્ષના કાર્યક્રમો જોયા. નવા વર્ષની વહેલી સવારે ધન્વી તૈયાર થઈને સીધી જ ધ્વનીતના ઘરે પહોંચી ગઈ. 'આવ બેટા', ધ્વનીતની મમ્મીએ આવકાર આપ્યો. ધ્વનિત તેના બેડરૂમમાંથી આંખો ચોળતો બહાર આવ્યો હતો. ધન્વીએ પૂછયું, કેમ તું પાર્ટીમાં ન ગયો ? ધ્વનીતની આંખો શરમથી ઝૂકી ગઈ. તે બોલ્યો, ''આઈ એમ સોરી, ધન્વી. તે ઠીક કર્યું. સારું થયું આપણે ફાર્મ હાઉસ પાર્ટીમાં ના ગયા. ફાર્મ હાઉસ પર મોડી રાત્રે પોલીસની રેડ પડી હતી.''

દીકરી એટલે વ્હાલનો દરિયો. દીકરી બાપની લાડકવાયી હોય. દીકરીને ઊની આંચ ન આવે, તેનું ઘરના બધાંજ ધ્યાન રાખે. સંસ્કારી કુટુંબોમાં ફેશનને સ્થાન છે, પરંતુ તેની મર્યાદા નક્કી હોય છે. સંસ્કારી કુટુંબની દીકરીઓ ગમે તે ઉજવણી હોય, તો પણ અડધી રાતે એકલી ઘરની બહાર જઈ, છેક સવારે ઘરે આવે તેવું લગભગ બનતુ નથી. દરેક ઉજવણીનું ચોકકસ આયોજન હોય, સમયની પાબંદી હોય અને ફેશનેબલ કપડાની મર્યાદા હોય !

મા-બાપ હંમેશા પોતાના સંતાનોને સારા સંસ્કાર આપવાનો પ્રયત્ન કરતાં હોય ,પરંતુ ગ્લોબલ યુગમાં ફેશન અને અંગપ્રદર્શન વચ્ચેનો ભેદ પારખવો મુશ્કેલ બનતો જાય છે.

ટેકનોલોજી અને પાશ્ચાત્યના અનુકરણમાં આજના યુવાનો દારૂ-જુગાર અને ડાન્સની મહેફિલને પાર્ટી કહેતા હોય છે. સંસ્કારી ઘરના સંતાનો આ બે વચ્ચેનો વિવેક સમજી શકે છે.મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોશી લખે છે તેમઃ કેળવણીએ બધી સમસ્યાઓનુ કારણ અને નિરાકરણ છે.સંતાનોમાં વિવેક અને સમજનો આધાર શિસ્ત અને સંસ્કારના પાયા પર આધારિત છે. કુટુંબમાં સ્વતંત્રતા હોય પરંતુ સ્વચ્છંદતા પર બેન હોય છે. કુટુંબનો દરેક સભ્ય કેટલાક વણલખ્યા નિયમોનું પાલન કરતો જોવા મળે. જેમકે :

સાથે જમવું- સાંજે સાથે પ્રાર્થના કરવી- એક બીજાને હેલ્પફુલ થવું - સાથે ટીવી જોવું - ચર્ચાઓ કરવી- સાંજે આઠ પછી ખાસ કારણ વગર ઘરની બહાર ન જવું. વગેરે નિયમો પેઢી દર પેઢી સચવાતા અને અનુભવાતા હોય છે.

મિસરી

'સાવ ખોટો રિવાજ છોડી દે,
મનથી મારો ખયાલ છોડી દે,
ખૂબ પેચીદો છે ન સમજાશે
પ્રેમનો આ પ્રકાર છોડી દે.'

- હેમા મહેતા

santoshdevkar03@gmail.com

મારી પાછળ મારી હસ્તી એ રીતે વિસરાઈ ગઈ, આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

મહાભારતનો એક જાણીતો પ્રસંગ છે. પાંડવો અજ્ઞાતવાસમાં હતા. સવારનો સમય છે. યુધિષ્ઠિર બેઠા છે. ભિખારી આવે છે, યુધિષ્ઠિર કહે છે કે કાલે આવજે.

અને આ જ સમયે ભીમ ઊભો થઈ જાય છે, નગારું ઉપાડે છે. વગાડતો વગાડતો બહાર નીકળે છે.

યુધિષ્ઠિર પૂછે છે કે ક્યાં જાય છે ? ભીમ કહે છે કે ગામમાં જઈને બધાને જણાવવું છે. નગારું વગાડી વગાડીને કહેવું છે કે મારા ભાઈએ સમય પર વિજય મેળવ્યો છે. એ સર્વજ્ઞ થઈ ગયા છે. એને પોતાને ખબર પડી ગઈ છે કે એ પોતે કાલે જીવશે એટલે ભિખારીને વચનો આપતાં થઈ ગયા છે કે કાલે ભિક્ષા આપીશ.

આવતી કાલનો શું ભરોસો? ઊગે પણ ખરી અને ન પણ ઊગે.

વર્સેટાઈલ એક્ટ્રેસ શ્રીદેવીના આકસ્મિક નિધન પર ઉપરોક્ત પ્રસંગ યાદ આવી ગયો, 'ન જાણ્યું જાનકીનાથે, કાલે શું થવાનું છે ?'

આ દુનિયા તો રૈન બસેરા જેવી છે, ખબર નથી કે કેટલા દિવસ આ દુનિયામાં વિતાવવાના છે. બસ યત્ન એ જ કરતા રહીએ કે લોકોનાં દિલ જીતતા રહીએ.

અને માટે જ કહેવાય છે કે

જિંદગીમાં વર્ષો નહીં, વર્ષોમાં જિંદગી ઉમેરવાનું કામ કરવાનું છે.

સંબંધો ક્યારેય જિંદગી સાથે નથી ચાલતા, સંબંધો તો એકવાર બને છે અને ત્યારબાદ 'જિંદગી' જ સંબંધો સાથે ચાલવા માંડે છે.

અનિશ્ચિતતાઓથી ભરપૂર આ જીવનમાં કશું જ નિશ્ચિત નથી. ૨૦ માળની બિલ્ડીંગ ફ્લેટની સ્કિમ છે. તેના કૉમન પ્લૉટમાં સાત-આઠ વર્ષનો બાળક સાયકલના રાઉન્ડ લે છે. મમ્મીની અવારનવારની ઘરે આવી જવાની બૂમને અવગણતો તે ફરતો રહે છે.

વીસમા માળની અગાશી પર એક આરસનો ટૂકડો અડધો બહારની બાજુએ ઝળુંબતો પડ્યો છે, કબૂતર એ ટૂકડા પર બેસે છે અને તેના વજનથી એ આરસનો ટૂકડો નીચે રમતા બાળકના માથા પર પડે છે અને બ્રેઇન હેમરેજમાં બાળક રામશરણ થઈ જાય છે.

બીજો પ્રસંગ, ફાઈટર પ્લેન ક્રેશ થઈ જાય છે. માંડ માંડ જીવ બચાવતો પાયલટ પેરેશૂટ લઈને કૂદી પડે છે, પરંતુ વળી પાછો તે હાઈટેન્શન વીજળીના તાર પર પડે છે. નસીબ જોગે તે જ સમયે પાવરલોડના કારણે વીજળી ગૂલ થઈ ગઈ છે અને શૉર્ટ સર્કિટમાં બળીને ભડથું થઈ જવાના બદલે મામૂલી ફ્રેક્ચર સાથે તે પાયલટ આ જીવલેણ અકસ્માતમાં બચી જાય છે. રોજ-બ-રોજના જીવનમાં આપણે એવા કેટલા બધા દૃષ્ટાંત સાંભળીએ છીએ કે ગઈકાલે હજી હટ્ટોકટ્ટો સ્વસ્થ લાગતો માણસ અચાનક જ બીજા દિવસે છાપાની અવસાન નોંધમાં ચમકી જાય છે.

મારી પાછળ મારી હસ્તી એ રીતે વિસરાઈ ગઈ, આંગળી જળમાંથી નીકળીને જગા પુરાઈ ગઈ



- ઓજસ પાલનપુરી

આ પળ પછીની બીજી પળની ખબર નથી અને છતાં પણ કયા જોર પર આપણે ખુલાસાઓ અને દિલાસાઓ આપતા રહીએ છીએ ? કહે છે ને કે ભગવાનને જો હસાવવો હોય તો તેને આપણા ભવિષ્યની યોજનાઓ સમજાવી દેવી.

જોવાની ખૂબી એ છે કે આપણે સહુ આ અનિશ્ચિત જિંદગીથી બખૂબી વાકેફ છીએ, પરંતુ છતાં પણ આપણા કર્મ ઈશ્વર આધિન નહેતા હોતા.

જીવનનો એક જ સિદ્ધાંત હોવો જોઈએ, જીવનની પ્રત્યેક ક્ષણને પકડી પકડીને માણી લેવી જોઈએ. કારણ કે જિંદગી ના મિલેગી દોબારા.

સમય ગરીબ અને તવંગર વચ્ચે ભેદ નથી કરતો. સમય આવે ત્યારે ભલભલા ચમરબંધીની હવા બંધ થઈ જાય છે.

એક સમયે પ્રાઈવેટ જેટમાં ચક્કર લગાવતો વિજય માલ્યા અત્યારે બ્રિટનની લોકલ ટ્રેનમાં સફર કરતો નજરે ચડે છે.

જીવનમાં ક્યારેય એવા સંજોગો ન આવવા જોઈએ કે આપણે પાછળથી આપણી ભૂલ સુધારવાની નોબત આવે. જો બધા સાથે આનંદપૂર્વક પ્રામાણિક જ વર્તન રાખ્યું હશે તો હંમેશાં સુખદ પરિણામ મળે છે.

મને જિંદગી જીવવાની
કોઈ ઉતાવળ નથી
હું તો આંબા વાવું છું,
ક્યાંય બાવળ નહીં
કોઈની ઉપેક્ષા નહીં,
કોઈથી અપેક્ષા નહીં
સંબંધો જીવની જેમ
જાળવ્યા કરું
સામે થવા કરતાં
સાથે રહી ચાલવાનો
ઉમળકો તડકા જેમ
ઉઘડ્યા કરે

- સુ.દ.

માનવીય સંબંધોમાં લાગણીના જળ ભળે ત્યારે માંગલિક દૃશ્યો સર્જાય છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'ના બેટા, હવે આટલા વર્ષો બાદ, આ ઉંમરે ફરીથી મુંબઈ મહાનગરમાં રહેવાનું મને ના ફાવે... હું અમદાવાદમાં જ બરાબર છું...' બંકિમભાઈએ દીકરી-જમાઈને કહ્યું...

'તો પછીનું આયોજન અમે વિચારી રાખ્યું છે, અમે મુંબી છોડીને અમદાવાદમાં સ્થાયી થઈશું... દીકરી-જમાઈએ જવાબ આપ્યો...'

કલા અને સંસ્કૃતિનું પિયર ગણાતા ગામ ભાવનગરમાં બલભદ્રભાઈ મહેતા અને તરલીકાબેન મહેતાના પરિવારમાં પુત્ર રુપે બંકીમભાઈનો જન્મ થયો ૨૪-૧૧-૧૯૪૨ના રોજ. જન્મ પછી તુરત જ માતા-પિતા સાથે સ્થાયી થયા મુંબઈમાં.

બેચરલ ઑફ આર્ટસ વીથ ઈકોનોમિક્સ અને પછીથી પોતાની રુચિના વિષય પબ્લીક રીલેશન એન્ડ એડર્વટાઈઝ્ડમેન્ટમાં

ડિપ્લોમા અભ્યાસ કર્યો. ભારતીય વિદ્યા ભવનમાંથી 'આરસી' નામના મેગેઝીનમાં પત્રકાર તરીકે કામ કરવા મળ્યું અને પત્રકારત્વની કામગીરીનો અનુભવ પણ મળ્યો. નાગપુરથી પ્રસિદ્ધ થતા નવભારત હિન્દી અખબાર માટે કામ કરવા ૧૯૬૫માં અમદાવાદ આવ્યા. સમય જતાં લાગ્યું કે પત્રકારત્વ રસનો વિષય જરૂર બની શકે, પરંતુ આ ક્ષેત્રે કારકિર્દી બનાવવી નથી. દરમિયાન સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયામાં ભરતી થવાની જાણકારી થઈ, એપ્લાય કર્યું અને પસંદ ફણ થયા, આમ ૧૯૬૫થી એસ.બી.આઈ. સાથે જોડાયા.

નોકરીમાં સેટલ થયા એટલે સ્વાભાવિક રીતે લગ્ન જીવનની વાત સમય જતા આવી. મૂળ પાટણના વર્ષાબહેન સાથે ૧૯૭૧માં મે મહિનામાં લગ્નગ્રંથિથી જોડાયા. દીકરી નેહાનો જન્મ થયો અને પરિવારમાં આનંદ આનંદ છવાઈ ગયો. ધીમે ધીમે પા-પા પગલી ભરતી અને ઘર આખાને પ્રસન્ન રાખતી દીકરીએ અમદાવાદમાં શારદામંદિર અને એચ.એલ. કૉલેજમાં અભ્યાસ કર્યો. બાળપણથી પરિવારમાં સંગીત-સાહિત્યનું વાતાવરણ એને મળ્યું હતું. એટલે નેહાને પણ - ગરબા - સંગીત - વકતૃત્વ વગેરેમાં વિશેષ રસ પડ્યો. અનેક ઈનામો અને પુરસ્કારો પણ મેળવ્યા.

૧૯૯૮માં એના લગ્ન થયા ચિંતન જટિલભાઈ મહેતા સાથે જે આઈ.ટી. ફિલ્ડમાં કામ કરતો હતો. બંને દિલ્હી સેટલ થયા. થોડા વર્ષો બાદ મુંબઈ શિફ્ટ થયા. સંહિત નામે દીકરાનો જન્મ થયો.

દરમિયાન જાન્યુઆરી ૨૦૦૭માં બંકિમભાઈના પત્નીનું અવસાન થયું. જમાઈએ પુત્રરુપે ભાવનાત્મક વાતાવરણમાં ધાર્મિક વિધિઓ પૂર્ણ કરી. બે - ત્રણ કે ચાર દિવસ થયા. બંનેએ પોતાના મનમાં ચાલતી વાત આખરે બંકીમભાઈ પાસે પ્રગટ પણ કરી દીધી. 'પપ્પા, અમે બંને ઈચ્છીએ છીએ કે હવે તમે અમદાવાદમાં એકલા ન રહો, અમને અને સંહિતને બહુ આનંદ થશે, તમે હવે અમારી સાથે મુંબઈ રહેવા આવી જાઓ.' એના જવાબમાં દીકરી-જમાઈએ કહ્યું કે, 'પપ્પા તમે તો બે દાયકા રહ્યા છો મુંબઈમાં તમને અજાણ્યું નહિ લાગે,' ત્યારે એમની વચ્ચે લેખના આરંભે લખેલો સંવાદ થયો. દીકરી જમાઈએ કહ્યું એ કર્યું... બંનેએ અમદાવાદમાં કામ શરું કર્યું... દીકરાનું એડમિશન લીધું અને બંકીમભાઈના જીવનમાં મહત્ત્વનું પ્રેમબળ પુરવાર થયા.

ઘણીવાર માત્ર દીકરીઓ હોય તેવા માતા-પિતા દીકરીના લગ્ન કરે પછી જમાઈ દીકરાની જેમ રહેતો જવા મળે તો લોકો આનંદની કહે છે, 'તમે તો દીકરી આપીને દીકરો લીધો...' ... આમાં આપવા - લેવાનું નહિ, રોજિંદા જીવનમાં એકબીજા માટે, પરિવાર માટે સમર્પિત થવાનું - ભાવનાત્મક પાસુ સૌથી વધુ મજબૂત રીતે પ્રગટતું હોય છે.

પત્નીના મૃત્યુ પછી એકલા પડી ગયેલા પિતા માટેની દીકરીની લાગણી સમજી શકાય, પરંતુ જયારે એમાં જમાઈ પણ શતપ્રતિશત્ સૂર પુરાવે અને સમય આવે કારકિર્દી માટેનું ગામ બદલીને પણ પપ્પા સાથે જ રહે, એમની સંભાળ લે એ વાત જ પ્રસન્નતાની છાલકોથી ભીજવી દેનારી છે.

માનવીય સંબંધો ઋણાનુબંધથી બંધાતા હોય છે અને એમાં લાગણીના જળ, સંભાળ લેવાની ભાવના અને સમર્પિત પ્રેમ ભળે છે ત્યારે માંગલિક દૃશ્યો સર્જાય છે. આવા દૃશ્યો સમાજજીવનમાં જોવા મળે ત્યારે દીકરીના પ્રેમનું અને જમાઈની કર્તવ્ય ભાવનાનું અજવાળું રેલાય છે.